ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૯૯૩-૯૯૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૫/૦૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯ અને ૧૧ની શાળાકીય વાર્ષિક પરીક્ષાની તારીખમાં ફેરફાર બાબત.
સંદર્ભ:- શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો ઠરાવક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ,
તા.૦૪/૦૨/૨૦૨૦ અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ, તા.૦૪/૦૨/૨૦૨૦માં દર્શાવ્યા મુજબ આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે નવું શૈક્ષણિક વર્ષ ૨૦ એપ્રિલ ૨૦૨૦ થી શરૂ થશે અને ઉનાળુ વેકેશન ૦૪ મે ૨૦૨૦થી ૦૭ જૂન ૨૦૨૦ સુધી યથાવત રાખવાનું રહેશે. તેમ જણાવેલ છે.

ઉક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માટેના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ ધોરણ-૯ અને ધોરણ-૧૧ની શાળાકીય વાર્ષિક પરીક્ષા તા.૦૭/૦૪/૨૦૨૦થી તા.૧૮/૦૪/૨૦૨૦ દરમ્યાન રાખવામાં આવશે. તેમ જણાવેલ છે. શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવ અન્વયે તેમજ વિવિધ શૈક્ષણિક સંગઠનોની મળેલ રજૂઆત અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ની ધોરણ-૯ અને ધોરણ-૧૧ની શાળાકીય વાર્ષિક પરીક્ષા તા.૦૧/૦૪/૨૦૨૦થી તા.૧૧/૦૪/૨૦૨૦ દરમ્યાન લેવાની રહેશે, તેમજ ઉક્ત ધોરણોના વાર્ષિક પરીક્ષાના પરિણામ તેમજ તેને સંલગ્ન તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરીને વર્ષ ૨૦૨૦-૨૧નું નવું શૈક્ષણિક સત્ર તા.૨૦/૦૪/૨૦૨૦થી શરૂ કરવાનું રહેશે.

આ અંગે જરૂરી કાર્યવાહી કરવા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા વિનંતી છે.

ક્રમાંક:/મા.વિ.૬/પરીક્ષા/૨૦૨૦/૪૧૨૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૮/૦૨/૨૦૨૦

<u>નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner